# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

**No. : ACPC/ADM-17/854** **Dt. : 24-07-2017**

## (Revised)

પ્રતિ,

**આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,**

ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની તમામ સંસ્થાઓ.

**વિષય : ડિપ્લોમાંથી ડિગ્રી ફાર્મસીમાં (ત્રીજા સેમીસ્ટરમાં) ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.**

**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/45/2013/PVS/102013/405/S તા. ૨૯-૦૭-૨૦૧૩ અને તેના વખતો વખતના સુધારા.**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજ્યમાં આવેલી ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી તમામ સંસ્થાઓમાં ડિપ્લોમાંથી ડિગ્રી ફાર્મસીમાં (ત્રીજા સેમીસ્ટરમાં) મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી રહેલી જગ્યાઓ સંદર્ભિત જાહેરનામાનાં નિયમ-૧૯ 'ખાલી બેઠકો' મુજબ ભરવાની થાય છે.

પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની ડિપ્લોમાંથી ડિગ્રી ફાર્મસીમાં (ત્રીજા સેમીસ્ટરમાં) એડમિશનની પ્રક્રિયા **તા. ૧૧-૦૭-૨૦૧૭** નાં રોજ અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ખાલી રહેલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે, આવી બેઠકો સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

**ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :**

(૧) પ્રવેશ વર્ષ ૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓફલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય

(૨) કોઈ પણ વર્ષમાંથી ડિપ્લોમા ફાર્મસીની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો.

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કોઈપણ સંસ્થા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને પ્રવેશ ફોર્મ આપવાની ના પાડી શકશે નહીં. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે નીચે મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૬-૦૭-૨૦૧૭ | ખાલી બેઠકોની યાદી જે તે Government/Grant-In-AID/Self Financed સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૨. | ૨૭-૦૭-૨૦૧૭ થી ૨૯-૦૭-૨૦૧૭ | જે-તે Government/Grant-In-AID/Self Financed સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી, મેરીટ લીસ્ટ પ્રસિદ્ધિ તથા કાઉન્સેલીંગ (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-) |
| ૩. | ૩૧-૦૭-૨૦૧૭ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ કરાવવા મોકલવાની રહેશે |

**S/d**

**મેમ્બર સેક્રેટરી**